**અમદાવાદ (ગ્રામ્ય) ના ચોથા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. 53311/2025

આંક:-

ફરીયાદી :શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી **: પ્રતિક રાજુભાઈ ઠાકોર**

**ગુનો : ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ-66(1)બી, 85(1)(3) મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ-66(1)બી, 85(1)(3)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદ્ર ઠાકોર(૨૦૦૫(૧)જી.એલ.આર.૭૦૯) ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પૂરતા અને વાજબી કારણો હોય તે. દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામા કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદાના પેજ નં.૭૨૧ પેરા નં.૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા અને તે તેઓને સ્વેચ્છાપુર્વક કબૂલ હોવાનુ જાહેર કરેલ છે. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઈને નીચે પ્રમાણે આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫ અન્વયે **ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ-66(1)બી, 85(1)(3)** મુજબ ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ-66(1)બી, 85(1)(3)** મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા.100/- પુરા (અંકે રૂપિયા એક સો પુરા) એમ કુલ રૂા.100/- પુરા (અંકે રૂપિયા એક સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-ત્રણ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ લોક અદાલતમાં તા. ૧૩ મી માહે, ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.

**(સી.સી.ગોંડલીયા)**
ચોથા એડી.જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા.
જીજે૦૧૭૭૦

દંડ રૂપિયા /-(અંકે રૂપિયા પુરા)
પહોંચ નં.....................થી વસુલ લીધા.

તા.૧૩/૧૨/૨૦૨૫ સુપ્રીટેન્ડેટ